@anandalayaa

# Ānandālaya

सर्वं शीलवता जितम्

## ચારિત્ર્ય નિર્માણ દ્વારા રાષ્ટ્ર નિર્માણ

નિઃસ્વાર્થ ભાવે 'ચારિત્ર્ય નિર્માણ'ના ધ્યેયને વરેલા સમર્પિત કાર્યસાધકોનું વિશિષ્ટ વૃંદ.




**આનંદાલય સંયોજક**

ડૉ. અતુલ ઉનાગર 89054 79781

**સંપર્કસૂત્ર**

ડૉ. સ્નેહલભાઈ વૈદ્ય - 97251 88769

ડૉ. ધવલભાઈ સોલંકી - 90165 12090

મનિષાબેન ગોધાણી - 99988 91870

website - https://anandalayaa.com/
Email - contactnandalaya@gmail.com

## આધારસ્તંભ છે 'ચારિત્ર્ય નિર્માણ'

આનંદાલય, એકમાત્ર ધ્યેય 'ચારિત્ર્ય નિર્માણ'ને જ સમર્પિત છે. વ્યક્તિત્વ વિકાસમાં પાયાનું કામ કરતું સમર્પિત સાધકોનું અનુશાસિત એક આગવું વૃંદ એટલે આનંદાલય.

**सत्त्वशीलजनाचारैः शिक्षया वृत्तनिर्मितिम् ।**
**कुर्वन्समाजशीलेन भारतं स्यात् जगद्गुरुः ॥**

આનંદાલય 'ચારિત્ર્ય નિર્માણ'ને જ કેન્દ્રમાં રાખીને વિવિધ આયામો અને કાર્યપ્રકલ્પો ચલાવે છે. જેના થકી વ્યષ્ટિ, સમષ્ટિ, સૃષ્ટિ અને પરમેષ્ટિના સંવર્ધન માટે દૃષ્ટિસંપન્ન આનંદાલયીઓ સક્રિય છે. પ્રકૃતિનો શાશ્વત સિદ્ધાંત 'ચારિત્ર્ય નિર્માણ' જ તમામ સમસ્યાઓનું એક માત્ર સમાધાન છે. **'सर्वं शीलवता जितम्'** એટલે 'ચારિત્ર્ય નિર્માણ' થકી રાષ્ટ્રને ફરીથી વિશ્વગુરુ બનાવવાના ઉમદા હેતુ સાથે આનંદાલય કામ કરી રહ્યું છે.

## આનંદાલયનું ધ્યેય

આનંદાલયનું ધ્યેય દરેક વ્યક્તિને ચારિત્ર્યયુક્ત, દૃષ્ટિસંપન્ન અને એક પરિપક્વ જીવનની ભેટ આપવાનું છે. દૃષ્ટિસંપન્ન વ્યક્તિ આનંદાલય દ્વારા ચલાવવામાં આવતી ગતિવિધિઓ, આયામો અને કાર્યપ્રકલ્પો દ્વારા પોતાના અને સમાજના વિકાસ માટે હંમેશા કાર્યરત હોવાથી ચારિત્ર્ય નિર્માણની પ્રક્રિયા સતત ચાલતી રહે છે. ચારિત્ર્યવંત કાર્યસાધકો સમાજની સમસ્યાઓની પીડા લઈને પોતાના જીવનને કલ્યાણકારી કાર્યોમાં સમર્પિત કરે છે. વ્યક્તિના ઘડતર દ્વારા સમાજ વિકાસ અને સમાજ વિકાસ દ્વારા રાષ્ટ્ર નિર્માણ કરવાનો આનંદાલયનો હેતુ છે.

## આનંદાલયની દૃષ્ટિ

આનંદાલય જીવનશિક્ષણ અને સેવાકીય વિવિધ આયામો ચલાવે છે, જેના થકી વ્યક્તિને અનુભવ, સમજણ અને જીવનદૃષ્ટિ પ્રાપ્ત થાય છે. પરિપક્વ વ્યક્તિ જીવનભર પોતાના અને અન્યોના વિકાસ માટે કાર્યરત બને છે. આનંદાલયના કાર્યસાધકો વ્યક્તિત્વની સર્વોચ્ચ અવસ્થાને પ્રાપ્ત કરે છે. આખરે વ્યક્તિ - વ્યક્તિમાં ચારિત્ર્ય નિર્માણ કરી સમાજને કર્તવ્યનિષ્ઠ સાધકો પ્રાપ્ત થાય જે વિશ્વનાં કલ્યાણકારી કાર્યોમાં પોતાનું સર્વસ્વ સમર્પિત કરે તેવી ઉન્નત દૃષ્ટિ આનંદાલય ધરાવે છે.

## આનંદાલયની કાર્યપદ્ધતિ

- આનંદાલય સંપૂર્ણ લોકશાહીમાં માનનારાઓનો એક પરિવાર છે.
- આનંદાલયમાં કોઈપણ કાર્ય સર્વાનુમતે અને લોકશાહી પદ્ધતિથી જ થાય છે.
- આનંદાલયના સદસ્યો જે અનુશાસન લોકોમાં પ્રસ્થાપિત કરવા માગે છે તેને સારી રીતે જીવે છે.
- આનંદાલય હંમેશા સમાજ અને રાષ્ટ્રના હિતને કેન્દ્રમાં રાખીને જ નિર્ણયો લે છે.
- આનંદાલયનો દરેક ઘટક પોતાની પૂર્ણ શક્તિનું યોગદાન આપવા માટે ઉત્સાહિત હોય છે.
- આનંદાલયીઓ વ્યક્તિ નહિ પણ વિચારને વફાદાર હોય છે.
- દરેક કાર્યસાધકોને સ્વરુચિ, પ્રકૃતિ અને અનુકૂળતા પ્રમાણે ભૂમિકા મળે છે.
- આનંદાલયનો પ્રત્યેક સભ્ય પરસ્પર સહકાર અને સમાનતાથી જીવે છે.
- આનંદાલયનો સભ્ય પોતે સાચું જીવન જીવવાનો આગ્રહી હોય છે.
- આનંદાલયીઓ વિચાર, વાણી અને વર્તનમાં એકસૂત્રતા ધરાવે છે.
- આનંદાલયીઓ જાતને વિસ્તારવા માટે હંમેશા તત્પર હોય છે.
- આનંદાલયીઓ માનવતાની સર્વોચ્ચ અવસ્થાને પ્રાપ્ત કરવા અને કરાવવા માટે સાધના કરે છે.

## આનંદાલય શું છે ?

આનંદાલય એક એવું સ્વૈચ્છિક અને અનૌપચારિક સંસ્થાન છે જ્યાં સમર્પિત કાર્યસાધકો પ્રેરક બનીને 'ચારિત્ર્ય નિર્માણ' થકી રાષ્ટ્રને ફરી વિશ્વ ગુરુ બનાવવા ઈચ્છે છે.

## કાર્યસાધકના ગુણો.

આનંદાલયનો કાર્યસાધક અગિયાર ગુણોથી સંપન્ન હોય છે. **1.** સમાજની સમસ્યાની સમાનુભૂતિ હોય. **2.** પરમાર્થ કાર્ય માટે હંમેશા તૈયાર હોય. **3.** અહંકાર શૂન્ય કે અકર્તા ભાવ હોય. **4.** સ્વવિકાસ માટે હંમેશા શીખવા તત્પર હોય. **5.** નિઃસ્વાર્થ ભાવે ફક્ત સેવાકાર્ય માટે સમર્પિત હોય. **6.** વ્યક્તિને નહિ પણ વિચારને વફાદાર હોય. **7.** વિચાર, વાણી અને વર્તનમાં એકસૂત્રતા હોય. **8.** પ્રબળ ઈચ્છાશક્તિ અને દ્રઢ મનોબળ ધરાવતો હોય. **9.** પારદર્શી, સરળ અને સહજ વ્યક્તિત્વ હોય. **10.** હકારાત્મક, પ્રેરક અને ઉત્સાહી વલણ હોય. **11.** સંકલ્પબદ્ધ અને પ્રતિબદ્ધ વ્યક્તિત્વ હોય.

## આનંદાલયના કાર્યસાધક કોને બનવું જોઈએ ?

- જે આ મનુષ્ય અવતારને સાર્થક બનાવવા ઈચ્છતા હોય.
- જે કાયમી સંતોષ, ગૌરવ અને આનંદ ચાહતા હોય.
- ખરા અર્થમાં પોતાની જાત પર કામ કરવા ઈચ્છતા હોય.
- જે ઈશ્વરીય કલ્યાણકારી કાર્યમાં નિમિત્ત બનવા માગતા હોય.
- જેને આ સૃષ્ટિને ફક્ત ને ફક્ત આપવાની ઝંખના હોય.
- સમાજમાં પરિવર્તન લાવવા માટેની પ્રબળ ચાહના હોય.
- પોતાના આચરણ/વ્યવહાર થકી અન્યોના પ્રેરક બનવા ઈચ્છતા હોય.
- જેને 'ચારિત્ર્ય નિર્માણ' એ સઘળી સમસ્યાઓનો ઉકેલ છે તેવો ભરોસો હોય.
- જે જવાબદારીને એક અવસરના રૂપમાં જોઈ શકતો હોય.



## આનંદાલય શું આપે છે ?

આનંદાલય એક પરિપક્વ જીવનની ભેટ આપે છે, ગમતા કામનું મંચ અને સમાન વિચારકોનો સંગાથ આપે છે, સાચું જીવન જીવવાની દૃષ્ટિ આપે છે, નિજાનંદની પ્રાપ્તિ કરાવી આપે છે, ચારિત્ર્યથી ઓતપ્રોત નવજીવન પ્રાપ્ત થાય છે, સહજ - સરળ અને સ્વાભાવિક બની જવાય છે, અહંકાર શૂન્ય બનીને મુખવટા વગરનું વાસ્તવિક જીવન પ્રાપ્ત થઈ જાય છે, ઉપદેશો નહિ પછી ઉદાહરણો બોલવા લાગે છે.

## આનંદાલયીઓના વિકાસની પ્રક્રિયા શું હોય છે ?

સૌ પ્રથમ શીખવું એ મારી જરૂરિયાત છે એ ભાવ સાથે કોઈપણ વ્યક્તિ આનંદાલયની કાર્યશાળાઓમાં જોડાય છે. આ કાર્યશાળાઓમાં તે જાત સાથે સંવાદ કરવા માટે મજબૂર થાય તેવી હૃદયસ્પર્શી પ્રવૃત્તિઓના માધ્યમથી પ્રશિક્ષિત બને છે. પછી પ્રશિક્ષિત થયેલ કાર્યસાધક જવાબદારી સાથે કામ કરતાં કરતાં એક પરિપક્વતાને પામે છે.

## આનંદાલયમાં હું કેવી રીતે જોડાઈ શકું ?

આપને જેના થકી આ બ્રોશર પ્રાપ્ત થયું હોય તે આપને આનંદાલયમાં જોડી આપશે. આપને ગમતા કાર્યપ્રકલ્પનો સંપર્ક કરાવી આપશે. આપ જે જિલ્લામાં નિવાસ કરતા હોય તે જિલ્લાના ગ્રુપમાં જોડી આપશે. અથવા આ બ્રોશરમાં આપેલ સંપર્કસૂત્ર અને કાર્યપ્રકલ્પોના સમન્વયકોના મોબાઈલ નંબર પર પણ સંપર્ક કરી શકો છો. આનંદાલયની વેબસાઈટ તથા સોશિયલ મિડિયાના તમામ પ્લેટફોર્મ પર વખતો વખત વિગતો મૂકવામાં આવે છે. તેને લાઈક કરતા રહો.

## હું આનંદાલયને કેવી રીતે મદદરૂપ થઈ શકું ?

આનંદાલય દ્વારા વખતોવખત યોજાતી કાર્યશાળાઓમાં આપ પ્રશિક્ષિત બનીને સ્થાનિક સ્તરે આનંદાલયનો વિસ્તાર કરવામાં મદદરૂપ થઈ શકો છો. આપને ગમતા કોઈ એક કાર્યપ્રકલ્પમાં જોડાઈને તેમાં સક્રિય યોગદાન આપીને મદદરૂપ થઈ શકો છો. સ્થાનિક સ્તરે આનંદાલય પ્રશિક્ષણ કેન્દ્રમાં ઉપસ્થિત રહીને કે તેનું સંચાલન કરીને મદદરૂપ થઈ શકો છો.

## આનંદાલય પ્રશિક્ષણ કેન્દ્ર

ગામ/મહોલ્લામાં પ્રશિક્ષિત કાર્યસાધક દ્વારા મહિનામાં એક વખત બે કલાકનું એક પ્રશિક્ષણ કેન્દ્ર ચલાવવામાં આવે છે. આ કેન્દ્રમાં જીવન શિક્ષણના સિદ્ધાંતો પ્રેક્ટિકલ રીતે શીખવવામાં આવે છે. જેમાં ચર્ચા અને સંવાદ મુખ્ય હોય છે. આનંદાલય દ્વારા ચાલતું આ નિયમિત અને સાતત્યપૂર્ણ કાર્ય છે.

## બુધસભા

આનંદાલય શરૂઆતથી જ દર બુધવારે રાત્રે 08:30 થી 10:00 એમ દોઢ કલાક ક્રમશઃ દરેક કાર્યપ્રકલ્પને કેન્દ્રમાં રાખીને ઝૂમ મિટિંગનું ઓનલાઈન આયોજન કરે છે. જેમાં વાર્તાલાપ, અનુભવ, પ્રયોગો, પ્રબોધન, માર્ગદર્શન વગેરે અનુભવીઓ દ્વારા ચર્ચાના માધ્યમથી પ્રાપ્ત થાય છે.

## આનંદાલય એકમ શું છે ?

સ્થાનિક એકમને કારણે સ્થાયી કામ ઊભું થાય છે. સ્થાનિક સ્તરે જ આનંદાલયની ગતિવિધિઓ ધમધમતી થાય છે. સ્થાનિક સ્તરે સ્થાયી, સાતત્ય અને લાંબાગાળાના આયોજન માટે એકમ હોવું એ અત્યંત જરૂરી છે. જે નગર કે ગામમાં ઓછામાં ઓછા 05 ભાઈઓ અને 05 બહેનો આનંદાલયમાં કામ કરવાની તૈયારી બતાવે છે ત્યાં આપણે એકમની સ્થાપના કરીએ છીએ, ત્યારબાદ આ એકમ જ્યારે નક્કી કરે ત્યારે કાયદેસર ટ્રસ્ટનું સ્વરૂપ ધારણ કરે. ઈ.સ..2047 સુધીમાં આવા રજિસ્ટર્ડ 100 એકમો આદર્શ રીતે ચાલતા હોય તે આપણો સંકલ્પ છે.



‘શુભેચ્છક’ ‘અભ્યાસુ’ ‘સાધક’ ‘કાર્યસાધક’ ‘પ્રવર્તક’

# આનંદાલયીઓની પાંચ અવસ્થાઓ.

## પહેલી અવસ્થા : ‘શુભેચ્છક’

આનંદાલય સારું કામ કરે છે એવું જેને લાગે છે તે, આનંદાલયના ચાહક હોય, આનંદાલય માટે સારું બોલતા હોય, આનંદાલયના શુભચિંતક કે હિતેચ્છુ હોય તે આનંદાલયના શુભેચ્છક કહેવાય. (વ્યક્તિ દ્વારા કોઈ આનંદાલયની ક્રિયાઓ થતી નથી ફક્ત ભાવનાઓ જ હોય છે.) ફક્ત ને ફક્ત નિજાનંદ માટે જ આનંદલયની પ્રવૃત્તિઓમાં જોડાયેલા સહભાગીઓ પણ શુભેચ્છકની જ શ્રેણીમાં આવે છે.

## બીજી અવસ્થા : ‘અભ્યાસુ’

આનંદાલયમાં શીખવા માટે આવે, આનંદાલયની કાર્યશાળાઓમાંથી, બુધસભાઓમાંથી કે આનંદાલયના કાર્યપ્રકલ્પોમાંથી પોતાની જાતને વિકસાવવા માટે શીખતા હોય તે આનંદાલયના અભ્યાસુ. (શીખવાનું પોતાના પૂરતું મર્યાદિત હોય છે.) ક્યારેક પોતાના વ્યવસાયના કે કૌશલ્યના વિકાસ માટે પણ શીખવાનું હોઈ શકે. શીખવા માટે કોઈપણ ભાવથી આવે તે તમામ સહભાગીઓ અભ્યાસુઓ છે.

## ત્રીજી અવસ્થા : ‘સાધક’

આનંદાલયમાંથી જે શીખ્યા હોય તેને જીવવાનો પ્રયાસ કરે, શીખેલું આચરણમાં મૂકવાનો પ્રયત્ન કરે, એક શ્રેષ્ઠ જીવન જીવવાની દિશામાં આગળ વધતી વ્યક્તિ આનંદાલયની સાધક છે. તે બુદ્ધિથી નહિ પણ હૃદયથી શીખે છે. જીવાતા જીવનમાં આનંદાલયી હોવું તે સાધકની અવસ્થા છે.

## ચોથી અવસ્થા : ‘કાર્યસાધક’

આનંદાલયમાંથી જે શીખેલું હોય તે આનંદાલયના નિયત માળખામાં રહીને શીખવે. આનંદાલયના કાર્યપ્રકલ્પમાં જવાબદારી સાથે કામ કરે, આનંદાલયનો પ્રચાર કરે, પોતાના સોશિયલ મિડિયા પ્લેટફોર્મ પર આનંદાલયની ગતિવિધિઓ હંમેશા શેર કરતો રહે. હંમેશા તેના મુખેથી આનંદાલયની વાતો સાંભળવા મળે જ મળે. આ પ્રકારની વ્યક્તિ આનંદાલયની કાર્યસાધક છે.

## પાંચમી અવસ્થા : ‘પ્રવર્તક’ (પ્રેરક)

આનંદાલયમાંથી જે શીખેલું હોય તે આનંદાલયના નિયત માળખામાં રહીને શીખવે તે ઉપરાંત બીજા આનંદાલયીઓને પણ કામ કરવા માટે પ્રેરે, કામના વિસ્તારમાં કાર્યરત, મુવમેન્ટને ગતિ આપનાર, અન્યોમાં ચાલકબળ પૂરું પાડનાર, પ્રેરક, પ્રેરણા આપનાર, મોટી જવાબદારી ઉપાડનાર, પ્રવાસ કરનાર, આનંદાલય માટે નવતર પ્રયોગો વિચારીને અમલમાં મૂકનાર, બીજાને કામ કરતો કરનાર. કર્મ કરાવનાર, દોરનાર, પ્રયોજક વગેરે... આ આનંદાલયીઓની શ્રેષ્ઠ અવસ્થા છે.

ધીરે ધીરે આનંદાલયીઓ શ્રેષ્ઠ અવસ્થા તરફ પ્રગતિ કરતા હોય છે.

# આનંદાલયના કાર્યપ્રકલ્પો

## 1) મોજીલો પરિવાર



આ કાર્યપ્રકલ્પ દ્વારા પરિવાર પ્રબુદ્ધ થાય એ સંકલ્પના છે. જેના થકી પરિવારના સહસર્જનની સાથે સાથે દરેક સદસ્યોનો સંપૂર્ણ વિકાસ, સ્વતંત્રતા, સમાનતા, સ્વાવલંબન, દાયિત્વબોધ, ઉઘડતર વગેરે બાબતો વિકસે તેવો હેતુ આ પ્રકલ્પનો છે.

**સંપર્કસૂત્ર :** ફુલાભાઈ પગી - 99794 23006, ધવલભાઈ પટેલ 98980 93794

## 2) પરમતત્ત્વ સમીપે



આ કાર્યપ્રકલ્પનો હેતુ વ્યક્તિની અધ્યાત્મ યાત્રા સફળ બનાવવાનો છે. સાધકોને યોગ્ય દૃષ્ટિ મળે જેથી તેની સત્યની, તત્ત્વની, આનંદની વગેરે શોધ સફળ થાય. સાધકોનો આંતરિક વિકાસ થાય તે મુખ્ય હેતુ છે.

**સંપર્કસૂત્ર :** સ્નેહલભાઈ વૈદ્ય - 97251 88769
મનિષાબેન ગોધાણી - 99988 91870

## 3) પ્રકૃતિના સાંનિધ્યમાં



આ કાર્યપ્રકલ્પ દ્વારા પ્રકૃતિપ્રેમીઓને પ્રકૃતિના સાંનિધ્યમાં લાવવા. જીવનને પ્રકૃતિમાં અને પ્રકૃતિને જીવનમાં લાવવાનો પ્રયાસ કરવો. પ્રકૃતિ જાગરણ, પ્રકૃતિ રક્ષા અને પ્રકૃતિ આનંદ આ પ્રકલ્પનો હેતુ છે.

**સંપર્કસૂત્ર :** મુરલીબેન ભટ્ટ - 90338 81719
મનિષભાઈ મિસ્ત્રી - 98256 97231

## 4) ગામડાનું ગૌરવ



આ કાર્યપ્રકલ્પ ગ્રામ્ય જીવન અને ગ્રામ વિકાસ માટેનો છે.ગામડાં ફરીથી ધમધમતાં થાય અને લોકો ગામડામાં રહીને ગૌરવ અનુભવે તથા ગામડાઓ દત્તક લઈને તેને સ્વનિર્ભર બનાવવાનો મુખ્ય હેતુ છે.

**સંપર્કસૂત્ર :** સંગીતાબેન સોની - 9428061992
સેજલબેન ઠેકડી - 98795 56113

## 5) સા વિદ્યા યા વિમુક્તયે



માનવ વિકાસ માટેના સાચુકલા શિક્ષણની વિભાવના સ્પષ્ટ કરવી. વ્યક્તિના ચારિત્ર્ય નિર્માણ, માનવીય ઉત્કર્ષ, માનવતા, આચરણ અને જીવાતા જીવનને કેન્દ્રમાં રાખીને જીવન શિક્ષણ આપવાનો આ પ્રકલ્પનો હેતુ છે.

**સંપર્કસૂત્ર :** પ્રતિકસિંહ પરમાર - 98252 80507
મહાવીરસિંહ ઝાલા - 99254 67199

## 6) કલાનો કલરવ



આ કાર્યપ્રકલ્પનો હેતુ વ્યક્તિમાં કલા (કૌશલ્ય)નો વિકાસ થાય તે છે. ભારતીય કલા સંરક્ષણ અને સંવર્ધન કરવું. કલા (કૌશલ્યો)નો વિકાસ, પ્રચાર અને સંરક્ષણ થાય તેવા ઉપક્રમો ચલાવવાની યોજના છે.

**સંપર્કસૂત્ર** : ભાવનાબેન પટેલ 94268 46579
અમીતાબેન જાદવ - 99253 50388

## 7) સર્જનનો આનંદ અને આનંદનું સર્જન



સાહિત્યકારો, સાહિત્ય રસિકો, વિવેચકો પ્રયોગશીલ વ્યક્તિઓ, સંશોધકો, પ્રવચકો, વક્તાઓ, લેખકો, કવિઓ, અભ્યાસીઓ વગેરેને મંચ પૂરું પાડવું અને તેમાં ગુણવત્તા સુધારવી અને તે નિસ્બત સાથેનું સર્જન કરે તેવી દૃષ્ટિ પૂરી પાડવાનો મુખ્ય હેતુ છે.

**સંપર્કસૂત્ર** : ધવલભાઈ સોલંકી - 9016512090
હરેશભાઈ ત્રિવેદી - 93270 48370

## 8) સંસ્કૃતિ વૈભવ



આપણી સંસ્કૃતિનું જતન અને સંવર્ધન કરવું, પ્રાચીન સંસ્કૃતિ પાછળના ઉદ્દેશો અને વિજ્ઞાનને ઉજાગર કરવા, કુરીવાજો નાબુદ કરવા, ભારતીય પરંપરા અને વારસાની જાળવણી કરવી. ભારતીય સંસ્કૃતિ અને સંસ્કાર જીવાતા જીવનમાં ફરીથી પ્રસ્થાપિત કરવાનો હેતુ છે.

**સંપર્કસૂત્ર** : ભારતસિંહ રાઠવા - 95373 02494
હાર્દિકાબેન ગાંધી - 77788 84544

## 9) પહેલું સુખ તે જાતે નર્યા



મુખ્યત્વે લોકો નિરામય અને લાબું આયુષ્ય ભોગવી શકે તે આ પ્રકલ્પનો હેતુ છે. પ્રાકૃતિક રીતે જીવન સ્વાસ્થ્યનો પ્રચાર અને તેનો ઉપયોગ વધે તેવા ઉપક્રમો ચલાવવા. યોગ, આયુર્વેદ અને પ્રાકૃતિક ચિકિત્સા પદ્ધતિનો વિકાસ કરવાનો હેતુ છે.

**સંપર્કસૂત્ર** : પરેશભાઈ પટેલ 99796 84093
રજનીકાંતભાઈ મહેતા - 93761 25925

## 10) સેવા પરમો ધર્મ



સેવાભાવી લોકોને સાચાં સેવાકાર્યો મળી રહે અને જેને ખરેખર સેવાની જરૂર છે તેને સેવા મળી રહે તેવો આશય આ કાર્યપ્રકલ્પનો છે. સેવાકીય પ્રવૃતિઓ, સાચી સેવાની વિભાવના અને સાચા સેવકો તૈયાર કરવાની યોજના છે.

**સંપર્કસૂત્ર** : જુવાનસિંહ ચૌહાણ - 94270 19470
પાયલબેન ભટ્ટ - 81419 84443

# ‘કાર્યસાધક’ પ્રશિક્ષણના વિવિધ વર્ગો

આનંદાલયમાં જોડાયેલા દરેક વ્યક્તિનું સુનિયોજિત પ્રશિક્ષણ થાય, તેના વ્યક્તિત્વનો વિકાસ થાય, તેનું ચારિત્ર્ય નિર્માણ થાય, તે એક ઉત્તમ અવસ્થાને પ્રાપ્ત કરે તે હેતુથી વિવિધ પ્રશિક્ષણ વર્ગો નિર્ધારિત છે.

## (1) પ્રવેશવર્ગ (જિજ્ઞાસુઓ માટે)

**અવધિ** :- 3 દિવસ, **હેતુ** :- આનંદાલય અને તેની કાર્યપદ્ધતિનો વ્યવસ્થિત પરિચય, સહસર્જન અને પોતાને ગમતા ક્ષેત્રના કામ સાથે પરિચય કરાવવામાં આવે છે. **અપેક્ષિત** :- 16 વર્ષ પૂર્ણ અથવા ધોરણ 10 પાસ કોઈપણ વ્યક્તિ પ્રવેશપાત્ર છે. નવી વ્યક્તિઓ માટેનું આ પ્રવેશદ્વાર છે. આ વર્ગ તાલુકા કે જિલ્લા કક્ષાએ પૂર્ણ ત્રણ દિવસનો નિવાસીય હોય છે .આ વર્ગ જિજ્ઞાસુઓ માટે છે.

## (2) અધ્યયનવર્ગ - (અભ્યાસુઓ માટે)

**અવધિ** :- 5 દિવસ, **હેતુ** :- યોગ્ય દૃષ્ટિ કેળવવાનો, જેમાં તેને કરણીય અને અકરણીય કાર્યોનો ભેદ સમજાય. ગુણાત્મક, પરિવર્તનશીલ અને પરિણામલક્ષી કાર્ય માટે શાણપણ વિકસાવવાનો છે. **અપેક્ષિત** :- જે સહભાગીએ પ્રવેશવર્ગ સફળતાપૂર્વક પૂર્ણ કરેલ હોય અને કોઈ એકાદ પ્રકલ્પ સાથે જોડાયેલ હોય તે જ આ વર્ગમાં અપેક્ષિત છે. આ વર્ગ ઝોન કક્ષાએ અને પૂર્ણ પાંચ દિવસનો નિવાસીય હોય છે. આ વર્ગ અભ્યાસુ માટે છે.

## (3) શોધવર્ગ - (સાધકો માટે)

**અવધિ** :- 5 દિવસ, **હેતુ** :- સહભાગીઓ નિજ દર્શન, આંતર ખોજ, સ્વ પરિચય, અને આંતરિક યાત્રા કરે તે હેતુ છે. આ જીવન પરિચય યાત્રા વર્ગ છે. **અપેક્ષિત** :- જે સહભાગીએ અધ્યયનવર્ગ સફળતાપૂર્વક પૂર્ણ કરેલ હોય અને કોઈ એકાદ પ્રકલ્પમાં નગર કે તાલુકા સુધીની જવાબદારી લઈને સક્રિય રીતે કામમાં જોડાયેલા હોય તે જ આ વર્ગમાં અપેક્ષિત છે. આ વર્ગ ઝોન કક્ષાએ અને પૂર્ણ પાંચ દિવસનો નિવાસીય હોય છે. આ વર્ગ સાધકો માટે છે.

## (4) કાર્યસાધકવર્ગ (કાર્યસાધકો માટે)

**અવધિ** :- 7 દિવસ, **હેતુ** :- કાર્યકર્તા પ્રબોધન, સંગઠનાત્મક અભિગમ વિકસાવવો, કાર્યકુશળ અને સમર્પિત સાધકોનું પ્રશિક્ષણ કરવું. **અપેક્ષિત** :- જે સહભાગીએ શોધવર્ગ સફળતાપૂર્વક પૂર્ણ કરેલ હોય અને કોઈ એકાદ પ્રકલ્પમાં જિલ્લા સુધીની જવાબદારી લઈને સક્રિય રીતે કામમાં જોડાયેલા હોય તે જ આ વર્ગમાં અપેક્ષિત છે. આ વર્ગ ઝોન કે રાજ્ય (પ્રાન્ત) કક્ષાએ અને પૂર્ણ પાંચ દિવસનો નિવાસીય હોય છે. આ વર્ગ કાર્યસાધકો માટે છે.

## (5) કાર્યપ્રેરકવર્ગ (કાર્યપ્રેરકો માટે)

**અવધિ** :- 7 દિવસ, **હેતુ** :- સમર્પિત કાર્યસાધકોનું જીવન સૌના માટે પ્રેરક બને, એક આદર્શ જીવનપથિકોના સુક્ષ્મ વ્યવહારોને વધારે પારદર્શક બનાવવા માટે આ વર્ગ છે. **અપેક્ષિત** :- જે સહભાગીએ કાર્યસાધકવર્ગ સફળતાપૂર્વક પૂર્ણ કરેલ હોય અને આનંદાલયના કોઈ એકાદ કાર્યપ્રકલ્પમાં જિલ્લા સુધીની જવાબદારી લઈને સક્રિય રીતે કામમાં જોડાયેલા હોય તે જ આ વર્ગમાં અપેક્ષિત છે. આ વર્ગ રાજ્ય (પ્રાન્ત) કક્ષાએ પૂર્ણ સાત દિવસનો નિવાસીય હોય છે. આ વર્ગ કાર્યપ્રેરકો માટે છે.

### -: સ્થાનિક કાર્યસાધક સંપર્કસૂત્ર :-

કાર્યક્ષેત્ર (ગામ/તાલુકો) ______________________

કાર્યસાધકનું નામ ______________________

મોબાઈલ નંબર ______________________